# નાસાના ચાર અવકાશયાત્રીઓ સુરક્ષિત પૃથ્વી પર પરત ફર્યા

**ચંદ્રની** પાછળની બાજુએ આંટો મારીને ચારેય અવકાશયાત્રીઓ પરત ફર્યા

**અમેરિકી** સમય પ્રમાણે શુક્રવારે રાત્રે ૮ના સુમારે કેલિફોર્નિયા નજીકના સમુદ્રમાં ઓરિયન યાને સફળ સ્પ્લેશડાઉન કર્યું

**આ** સફળતાને પગલે ૨૦૨૮ સુધીમાં ચંદ્ર પર માણસોને ઉતારવાની યોજના નાસાએ જાહેર કરી





હ્યુસ્ટન, તા. ૧૧: નાસાના આર્ટેમિસ II મિશનના ક્રૂ સભ્યો તેમનું ઐતિહાસિક ચંદ્ર મિશન પતાવીને સફળતાપૂર્વક પૃથ્વી પર પાછા ફર્યા છે. શુક્રવારે રાત્રે તેમનું ઓરિયન અવકાશયાન પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશીને પ્રશાંત મહાસાગરમાં ઉતર્યું હતું.

આ સ્પેસક્રાફ્ટે પૃથ્વી પર પાછા ફરતી વખતે ૨૫,૦૦૦ માઈલ પ્રતિ કલાકની પ્રચંડ ગતિ હાંસલ કરી હતી અને રાત્રે ૮:૦૭ વાગ્યે (અમેરિકી ઇસ્ટર્ન ટાઇમ પ્રમાણે) કેલિફોર્નિયાના સાન ડિએગોના દરિયાકિનારે પ્રશાંત મહાસાગરમાં 'સ્પ્લેશડાઉન'(પાણીમાં ઉતરાણ) કર્યું હતું.

આ ચાર સભ્યોના ક્રૂમાં નાસાના અવકાશયાત્રીઓ રીડ વાઈઝમેન, વિક્ટર ગ્લોવર, ક્રિસ્ટીના કોચ અને કેનેડિયન અવકાશયાત્રી જેરેમી હેન્સનનો સમાવેશ થાય છે. તેઓએ દસ દિવસનું મિશન પૂર્ણ કર્યું છે, જે અંતર્ગત તેઓ ચંદ્રની ફરતે પ્રદક્ષિણા કરીને અંતરિક્ષમાં અત્યાર સુધીના કોઈપણ માનવી કરતાં સૌથી વધુ દૂર સુધી ગયા હતા.

તેમના ઉતરાણ સાથે જ નાસાના મિશન કન્ટ્રોલમાં આનંદોત્સવ વ્યાપી ગયો હતો.

નાસાના અધિકારીઓએ આર્ટેમિસ II મિશનને સંપૂર્ણ રીતે સફળ ગણાવ્યું છે, કારણ કે કેપ્સ્યુલ બરાબર તે જ જગ્યાએ ઉતરી હતી જ્યાં અવકાશ એજન્સીએ યોજના બનાવી હતી.

નાસાના એડમિનિસ્ટ્રેટર જેરેડ આઇઝેકમેને આ ચંદ્ર મિશનને 'પરફેક્ટ' ગણાવ્યું હતું અને ૨૦૨૮ સુધીમાં ચંદ્ર પર સફળ ઉતરાણ અને લુનર બેઝ બનાવવાનું કામ શરૂ કરવાની અમેરિકાની યોજના જાહેર કરી હતી.

## નાસાના મૂન મિશનમાં એક ભારતીય મૂળના અધિકારીની મહત્વની કામગીરી

**અમિત** ક્ષત્રિય એજન્સીના વહીવટકાર જેરેડ આઇઝેકમેનના વરિષ્ઠ સલાહકાર છે

વોશિંગ્ટન, તા. ૧૧: હ્યુસ્ટનમાં ઉછરતી વખતે બાળપણમાં રોકેટ લોન્ચ જોઈને મંત્રમુગ્ધ થવાથી લઈને નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશનની કામગીરીનું સુકાન સંભાળવા સુધી, ભારતીય-અમેરિકન વૈજ્ઞાનિક અમિત ક્ષત્રિયની આ સ્પેસ એજન્સીમાં અત્યંત શાનદાર સફર રહી છે, જે હવે ચંદ્ર પર અવકાશયાત્રીઓને ઉતારવાના મિશનમાં મહત્વની ભૂમિકા ભજવી ચુક્યા છે. નાસાના એસોસિએટ એડમિનિસ્ટ્રેટર તરીકે, વિસ્કોન્સિનમાં જન્મેલા ક્ષત્રિય એજન્સીના સર્વોચ્ચ રેન્કિંગ ધરાવતા સનદી અધિકારી અને એડમિનિસ્ટ્રેટર જેરેડ આઇઝેકમેનના વરિષ્ઠ સલાહકાર તરીકે સેવા આપે છે. ક્ષત્રિય નાસાના વોશિંગ્ટન સ્થિત મુખ્યાલયમાં એજન્સીના 10 સેન્ટર ડિરેક્ટર્સ તેમજ મિશન ડિરેક્ટોરેટ એસોસિએટ એડમિનિસ્ટ્રેટર્સનું નેતૃત્વ કરે છે. તેઓ એજન્સીના ચીફ ઓપરેટિંગ ઓફિસર તરીકે પણ કાર્યભાર સંભાળે છે. ઇમિગ્રન્ટ ભારતીય માતા-પિતાને ત્યાં જન્મેલા ક્ષત્રિયએ શિક્ષણ અમેરિકામાં જ લીધું છે. અનેક ઇજનેરી કામગીરી કર્યા બાદ ક્ષત્રિય ૨૦૨૧માં નાસાના વડામથકમાં સહાયક નાયબ એસોસીએટ વહીવટકાર તરીકે જોડાયા હતા અને ત્યાં તેમણે અનેક મહત્વની કામગીરી બજાવી છે.

## ચારેય અવકાશયાત્રીઓ ઉતરાણ બાદ જાતે ચાલી શકવા સક્ષમ હતા

ઓરિયન ક્રૂ મોડ્યુલમાંથી બહાર આવ્યા બાદ અને નૌકાદળના જહાજ 'જોન પી મુર્થા' પર સ્થાનાંતરિત થયા પછી, અવકાશયાત્રીઓ સારા મૂડમાં જોવા મળ્યા હતા. તેઓ કેમેરા સામે હાથ હલાવતા અને ફ્લાઇટ પછીના મેડિકલ ચેકઅપ માટે જતા પહેલા નાસાના વહીવટકાર આઇઝેકમેનને ગળે મળતા જોવા મળ્યા હતા. ચારેય અવકાશયાત્રીઓ પોતાના પગે ચાલવા માટે સક્ષમ હતા. અગાઉની અવકાશ ઉડાનમાં, જેમાં ૧૦ મહિના સુધી ફસાયેલા અવકાશયાત્રીઓ બચ વિલ્મોર અને સુની વિલિયમ્સના કિસ્સાનો સમાવેશ થાય છે, તેમાં તબીબી કર્મચારીઓએ અવકાશયાત્રીઓને ઊંચકીને લઈ જવા પડ્યા હતા કારણ કે માઈક્રોગ્રેવિટીમાં લાંબો સમય વિતાવવાને કારણે તેઓ સારી રીતે ચાલી શકતા ન હતા.

## ઉતરાણ વખતે મિશન કન્ટ્રોલ રૂમમાં સૌના જીવ તાળવે ચોંટ્યા હતા

ઓરિયન યાનના ઉતરાણ સમયે મિશન કંટ્રોલમાં તણાવ વધી ગયો હત. કેપ્સ્યુલ અત્યંત ગરમ, લાલચોળ પ્લાઝમાથી ઘેરાઈ ગઈ હતી અને પૂર્વનિર્ધારિત સંદેશાવ્યવહાર બંધના તબક્કામાં પ્રવેશી હતી ત્યારે સૌના જીવ તાળવે ચોંટી ગયા હતા. ઉતરાણનો આ તબક્કો ખૂબ જોખમી હોય છે. સૌની નજર કેપ્સ્યુલની જીવન-રક્ષક હીટ શીલ્ડ પર ટકેલી હતી, જેણે પુન:પ્રવેશ દરમિયાન હજારો ડિગ્રી તાપમાન સહન કરવાનું હતું. જો કે સફળ સ્પ્લેશડાઉન થયા બાદ સૌના જીવમાં જીવ આવ્યો હતો.

# અમારી પાસે દુનિયામાં સૌથી વધારે ઓઈલ છે: ટ્રમ્પની રમૂજી ડંફાસો

**અમેરિકા** હોર્મુઝની ખાડી ખુલ્લી કરી રહ્યું હોવાનો દાવો ટ્રમ્પે કર્યો અને તે જ સમયે ઇરાનની ધમકીથી ડરીને એક અમેરિકી જહાજ પાછું વળી ગયું

વોશિંગ્ટન, ૧૧ એપ્રિલ: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ડંફાસો મારવામાં શૂરા છે તે હવે બધા જાણતા થઈ ગયા છે. હાલમાં તેમણે એવો દાવો કર્યો છે કે અમેરિકા પાસે વિશ્વના બે સૌથી મોટા ક્રૂડ ઉત્પાદક દેશો સાઉદી અરેબિયા અને રશિયાના ભેગા ઓઈલ જથ્થા કરતા પણ વધારે ઓઈલ છે અને તે આખી દુનિયાને ઓઈલ વેચી શકે છે.

અનેક ખાલી ટેન્કર જહાજો ઓઈલ ભરવા માટે અમેરિકા આવી રહ્યા હોવાની વાત પણ તેમણે કરી હતી. શનિવારે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, તેલના ટેન્કરો અત્યારે અમેરિકા તરફ આગળ વધી રહ્યા છે જેથી તેઓ વિશ્વમાં ક્યાંય પણ મળતા સૌથી શ્રેષ્ઠ અને 'સ્વીટેસ્ટ' (શુદ્ધ) તેલ (અને ગેસ!) ભરી શકે! આ ઓઈલની ગુણવત્તા પણ ઘણી ચડિયાતી છે એવો દાવો ટ્રમ્પે કર્યો હતો. સાથે જ ટ્રમ્પે એવી પણ વાત કરી હતી કે અમેરિકાનું આ ઓઈલ એક વિકલ્પ તરીકે જ કામ કરી શકે છે.

ઈરાન સાથેના યુદ્ધને કારણે ઈરાનીઓએ હોર્મુઝની સામુદ્રધુનીને અસરકારક રીતે બંધ કરી દીધી છે, જેના દ્વારા વિશ્વના તેલ પુરવઠાનો ૨૦ ટકા હિસ્સો વહન કરવામાં આવે છે. આના કારણે ઉર્જાના ભાવમાં વધારો થયો છે અને અમેરિકા સાથેની મંત્રણામાં ઈરાનને એક મહત્વનું પાસું મળ્યું છે. જો કે, ટ્રમ્પ દલીલ કરે છે કે અમેરિકા તેલ અને કુદરતી ગેસના વૈકલ્પિક સ્ત્રોત તરીકે સેવા આપી શકે છે, વ્હાઈટ હાઉસમાં હાજર ટ્રમ્પે સૌ પ્રથમ તેમના 'ટ્રુથ સોશિયલ' એકાઉન્ટ પર ઈરાન મોટી હાર અનુભવી રહ્યું હોવાનો દાવો કર્યો હતો. ટ્રમ્પે જાહેર કર્યું કે, અમે હવે હોર્મુઝની સામુદ્રધુનીને સાફ કરવાની પ્રક્રિયા શરૂ કરી રહ્યા છીએ. આ કામ અમે ચીન, જાપાન, દક્ષિણ કોરિયા, ફ્રાન્સ, જર્મની અને અન્ય ઘણા દેશોના પક્ષમાં કરી રહ્યા છીએ. આશ્ચર્યની વાત એ છે કે, તેમનામાં આ કામ જાતે કરવાની હિંમત કે ઈચ્છાશક્તિ નથી. બરાબર તે જ સમયે, એક અમેરિકી યુદ્ધ જહાજ યુએઈના ફુજૈરાહ પોર્ટથી હોર્મુઝની સામુદ્રધુની તરફ આગળ વધ્યું. ઈરાની સરકારી મીડિયાના અહેવાલ મુજબ, ઈરાને તરત જ પાકિસ્તાની મધ્યસ્થીઓને જાણ કરી કે જો આ અમેરિકી જહાજ તેની ગતિ ચાલુ રાખશે, તો તેને ૩૦ મિનિટની અંદર નિશાન બનાવવામાં આવશે. ત્યારબાદ તે જહાજ ત્યાંથી પાછું વળી ગયું હતું.

# કુનો જંગલમાં માદા ચિત્તાએ ૪ બચ્ચાને જન્મ આપ્યો

**રક્ષિત** વાડામાં નહીં પણ ખુલ્લા જંગલમાં ચિત્તાના બચ્ચાઓના જન્મનો ચિત્તા પ્રોજેક્ટમાં પ્રથમ બનાવ

**ભારતમાં** જન્મેલી માદાએ બચ્ચાને જન્મ આપ્યો હોય તેવો પણ પ્રથમ બનાવ

શિવપુર, (MP), 11 એપ્રિલ (PTI): કુનો નેશનલ પાર્કમાં શનિવારે 24 મહિનાની ભારતમાં જન્મેલી માદા ચિત્તાએ ચાર બચ્ચાને જન્મ આપ્યો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, મધ્યપ્રદેશના આ અભયારણ્યમાં જંગલ વિસ્તારમાં ચિત્તાના જન્મની આ પ્રથમ નોંધાયેલી ઘટના છે.

કેન્દ્રીય પર્યાવરણ અને વન મંત્રી ભૂપેન્દ્ર યાદવે 'X' પર આ વિશેષ માહિતી શેર કરતા લખ્યું કે, કુનો નેશનલ પાર્કમાં એક ઐતિહાસિક ક્ષણ જોવા મળી છે. ગામિનીની પુત્રી એવી 25 મહિનાની ભારતમાં જન્મેલી માદા ચિત્તાએ જંગલમાં ચાર બચ્ચાને જન્મ આપ્યો છે, જે ભારતના ચિત્તા સંરક્ષણ અભિયાનમાં એક મહત્વનું સીમાચિહ્ન છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ સાથે જ ભારતમાં ચિત્તાઓની કુલ સંખ્યા વધીને 57 થઈ ગઈ છે. શનિવારે બચ્ચાને જન્મ આપનાર માદા ચિત્તા એ દક્ષિણ આફ્રિકામાં જન્મેલી 'ગામિની'નું સંતાન છે. મંત્રીએ નોંધ્યું હતું કે વર્ષ 2022માં આફ્રિકાથી કુનોમાં ચિત્તા લાવવામાં આવ્યા ત્યારથી અત્યાર સુધીમાં જંગલી અવસ્થામાં આ પ્રથમ નોંધાયેલ જન્મ છે અને ભારતમાં જન્મેલી માદા ચિત્તા દ્વારા પ્રજનનનો પણ આ પ્રથમ કિસ્સો છે.

યાદવે વધુમાં જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટના મુખ્ય ઉદ્દેશ્યો – કુદરતી પરિસ્થિતિઓમાં અસ્તિત્વ ટકાવી રાખવું અને પ્રજનન કરવું – તે હાંસલ કરવા તરફનું આ એક નોંધપાત્ર પગલું છે.

મંત્રીએ ઉમેર્યું કે આ ઘટનાવિકાસ ચિત્તાઓ ભારતીય પરિસ્થિતિઓ સાથે અનુકૂલન સાધી રહ્યા હોવાનું પ્રતિબિંબિત કરે છે, અને તે કુનોના સંચાલકો, પશુચિકિત્સકો અને ફિલ્ડ સ્ટાફની મહેનત અને સમર્પણનું પરિણામ છે. તેમણે તેને રાષ્ટ્ર માટે ગૌરવની ક્ષણ ગણાવી હતી.

પેજ 3

## રણવીર સિંહ મોહન ભાગવતને મળ્યો



નાગપુર, તા. 11 તાજેતરમાં રિલીઝ થયેલી બ્લોકબસ્ટર ફિલ્મ 'ધુરંધર: ધ રિવેન્જ' ની ભવ્ય સફળતા બાદ અભિનેતા રણવીર સિંહ નાગપુરની મુલાકાતે પહોંચ્યા હતા. જ્યાં તેમણે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મુખ્યાલયની મુલાકાત લઈને વિશેષ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. રણવીર સિંહે રેશિમબાગ સ્થિત ડો. હેડગેવાર સ્મૃતિ મંદિરમાં જઈને સંઘના સ્થાપક ડો. કે. બી. હેડગેવાર અને દ્વિતીય સરસંઘચાલક એમ. એસ. ગોલવલકરના સ્મારકો પર પુષ્પાંજલિ અર્પી હતી. આ મુલાકાત દરમિયાન રણવીરે RSS પ્રમુખ મોહન ભાગવત સાથે પણ સંવાદ કર્યો હતો. બંને વચ્ચે તેમની ફિલ્મ 'ધુરંધર' અને સંસ્થાના વિવિધ સેવાકીય કાર્યો અંગે ચર્ચાઓ થઈ હતી. સંઘના પ્રતિનિધિઓએ અભિનેતાને સંસ્થાના સ્થાપકોના જીવન અને સ્મૃતિ મંદિરના મહત્વ વિશે ટૂંકમાં માહિતી આપી હતી. સફેદ કુર્તામાં જોવા મળેલા રણવીર સિંહનો આ સાદગીભર્યો લુક સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થયો છે.

## અક્ષય કુમારના ઈવેન્ટમાં બેકાબૂ ભીડ: મોલમાં ચાહકોના જોખમી સ્ટંટથી સર્જાયો હોબાળો



ગ્રેટર નોઈડાના ગૌર સિટી મોલમાં ફિલ્મ 'ભૂત બંગલા'ના પ્રમોશન દરમિયાન ચાહકોની અતિશય દીવાનગીને કારણે ગંભીર સુરક્ષા પ્રશ્નો ઉભા થયા છે. અભિનેતા અક્ષય કુમાર, રાજપાલ યાદવ અને વામિકા ગબ્બીની એક ઝલક મેળવવા માટે હજારોની સંખ્યામાં એકત્ર થયેલી ભીડ અનિયંત્રિત બની ગઈ હતી. પરિસ્થિતિ એટલી હદે વણસી હતી કે ચાહકોએ વધુ સારા દ્રશ્યો જોવા માટે એસ્કેલેટરની રેલિંગ પર ચઢીને પોતાની જાન જોખમમાં મૂકી હતી, જ્યારે ગ્રાઉન્ડ ફ્લોર પર બેરિકેડ્સ તૂટી પડ્યા હતા. સોશિયલ મીડિયા પર આ ઘટનાના વાયરલ થયેલા વીડિયો જોઈને લોકો રોષે ભરાયા છે. આ ઘટનાએ ઈવેન્ટ આયોજકો અને મોલ મેનેજમેન્ટની સુરક્ષા વ્યવસ્થાની નિષ્ફળતા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે.

## મલાઈકા અરોરાની મોડી રાત્રે અચાનક એક્ઝિટ: ચાહકોમાં ફેલાઈ ચિંતા



સોશિયલ મીડિયા પર મલાઈકા અરોરાનો એક વીડિયો વાયરલ થયો છે, જેમાં તે મોડી રાત્રે એક અભિનેતાના ઘરેથી ઉતાવળમાં બહાર નીકળતી જોવા મળી રહી છે. આ વીડિયોમાં અભિનેત્રીના ચહેરા પરના હાવભાવ અને તેની ઉતાવળ જોઈને ચાહકો ચોંકી ઉઠ્યા છે અને તર્ક-વિતર્ક શરૂ કરી દીધા છે. મલાઈકાના આ પ્રકારના અચાનક બહાર આવવાને કારણે ચાહકોમાં ઘણી ઉત્સુકતા અને ચિંતા જોવા મળી રહી છે. જોકે, આ મુલાકાત પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી, પરંતુ આ વીડિયોએ ઇન્ટરનેટ પર ભારે ચર્ચા જગાવી છે. ચાહકો હવે સતત પ્રશ્નો કરી રહ્યા છે કે અભિનેત્રી આટલી રાત્રે ત્યાં શું કરતી હતી?

# હોર્મુઝમાં ગોઠવેલી સુરંગોનું સ્થાન હવે ઈરાનને ચોક્કસ ખબર નથી

**આ** સુરંગો શોધવામાં મુશ્કેલી પડે છે તેથી આ જળમાર્ગ ખોલવામાં વિલંબ થઇ રહ્યો છે

દુબઈ, તા. ૧૧: યુદ્ધ શરૂ થયા પછી ઈરાને તેની નાની હોડીઓ દ્વારા જળમાર્ગમાં સુરંગો બિછાવવાનું શરૂ કર્યું હતું. આ કાર્યવાહી અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈસ્લામિક રાષ્ટ્ર વિરુદ્ધ યુદ્ધ શરૂ કર્યાના થોડા સમય બાદ જ કરવામાં આવી હતી.

૨ માર્ચના રોજ, ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ્સ કોર્પ્સના એક વરિષ્ઠ અધિકારીએ આ સામુદ્રધુની બંધ હોવાનું જાહેર કર્યું હતું અને ચેતવણી આપી હતી કે પ્રવેશતા કોઈપણ જહાજને 'સળગાવી' દેવામાં આવી શકે છે. આનાથી શિપિંગ જગતમાં ફફડાટ ફેલાયો અને વિશ્વભરમાં તેલના ભાવમાં ઉછાળો આવ્યો.

એકવાર સુરંગો તૈનાત થઈ ગયા પછી, તેની અસર વધુ ઘેરી બની. ટેન્કરોની અવરજવરમાં ભારે ઘટાડો થયો અને સાથે જ ઈરાની ડ્રોન તથા મિસાઈલ હુમલાના જોખમે ખતરો વધારી દીધો. ટ્રાફિક પરના આ દબાણે તેહરાનને સંઘર્ષ દરમિયાન નોંધપાત્ર પ્રભુત્વ અપાવ્યું હતું.

છતાં, આ જ વ્યૂહરચના હવે ઈરાન માટે વિકલ્પો મર્યાદિત કરી રહી છે. અમેરિકી અધિકારીઓએ જણાવ્યું હતું કે સુરંગો વેરવિખેર અને આડેધડ રીતે બિછાવવામાં આવી હતી, અને તે સ્પષ્ટ નથી કે તેહરાન પાસે તેમના ચોક્કસ સ્થાનોનો સંપૂર્ણ રેકોર્ડ છે કે નહીં. NYT મુજબ, જો રેકોર્ડ હોય તો પણ, કેટલાક ઉપકરણો ખેંચાઈને બીજે જઈ શકે છે, જેના કારણે તેમને પાછા મેળવવાનું વધુ મુશ્કેલ બને છે.

જળમાર્ગને ઝડપથી સાફ કરવામાં અસમર્થતાને કારણે સામાન્ય ટ્રાફિક પુન:સ્થાપિત કરવાની યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રની માંગણીઓ પર ઈરાનનો પ્રતિસાદ ધીમો પડ્યો છે. ઈરાને પોતાની મર્યાદાઓનો સંકેત આપ્યો છે. બુધવારે વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ જણાવ્યું હતું કે સામુદ્રધુની તકનીકી મર્યાદાઓને ધ્યાનમાં રાખવા સાથે ફરીથી ખોલવામાં આવશે.

# બે અમેરિકી યુદ્ધ જહાજો હોર્મુઝની સામુદ્રધૂનિમાંથી પસાર થયા

**યુદ્ધ** શરૂ થયા પછી આવો પ્રથમ બનાવ

**ઇરાને** જહાજો પર હુમલાની ધમકી આપી, એક જહાજ પાછું વળી ગયું હોવાનો દાવો

વૉશિંગ્ટન, તા. ૧૧: અમેરિકી લશ્કરે આજે જણાવ્યું હતું કે તેના બે યુદ્ધ જહાજો સુરંગ હટાવવાની કામગીરી પહેલા આજે હોર્મુઝની સામુદ્રધૂનિમાંથી પસાર થયા હતા. યુદ્ધ શરૂ થયા પછી આ પ્રથમવાર થયું છે. ઈરાની સરકારી મીડિયાએ જો કે અગાઉ અહેવાલ આપ્યો હતો કે ઈરાને એક અમેરિકી લશ્કરી જહાજને પાછા વળવાની ફરજ પાડી હતી.


ઈરાને હોર્મુઝની સામુદ્રધુનીમાં યુએસ નેવીના જહાજો પર હુમલો કરવાની ધમકી આપી હતી. ધ વોલ સ્ટ્રીટ જર્નલના જણાવ્યા અનુસાર, શનિવારે બે અમેરિકન ડિસ્ટ્રોયરો કોઈપણ ઘટના વિના છ અઠવાડિયામાં પ્રથમ વખત હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થયા હતા.

પરંતુ, તેહરાને પાકિસ્તાની મધ્યસ્થીઓને ચેતવણી આપી છે કે જો આ જહાજો આગળ વધવાનું ચાલુ રાખશે, તો તેમને 30 મિનિટની અંદર નિશાન બનાવવામાં આવશે, અને ઈરાન-અમેરિકન વાટાઘાટોને નુકસાન થશે, તેમ વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ ફાર્સ ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું. તત્કાલ વળતો પ્રહાર કરવાની આ ધમકી એવા અહેવાલો પછી આવી છે જેમાં ખુલાસો થયો હતો કે બહુવિધ યુએસ જહાજોએ એક સાહસિક પગલા હેઠળ આ સામુદ્રધુની ઓળંગી હતી, જે માટે 'ઈરાન સાથે કોઈ સંકલન કરવામાં આવ્યું ન હતું.' USS ફ્રેન્ક E. પીટરસન (DDG 121) અને USS માઈકલ મર્ફી (DDG 112) યુએસ નેવીના ઓપરેશનના ભાગરૂપે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થયા હતા - તેઓ કોઈ વ્યાપારી જહાજોનું રક્ષણ કરી રહ્યા નહોતા - જેને 'ફ્રીડમ-ઓફ-નેવિગેશન' મિશન તરીકે વર્ણવવામાં આવ્યું હતું.

## ઓપરેશન સિંદુરમાં ભારતે તોડી પાડેલ AWACSના સ્થાને

# ચીન પાક.ને બીજું વિમાન આપી રહ્યું છે?

**પાકિસ્તાન** હવે ચીન પાસેથી Shaanxi KJ-500 નામનું એરબોર્ન વોર્નિંગ એન્ડ કંટ્રોલ સિસ્ટમ વિમાન મેળવવાની તૈયારીમાં હોવાના અહેવાલ



નવી દિલ્હી, તા. ૧૧: ઓપરેશન સિંદૂરના એક વર્ષ પછી પણ પાકિસ્તાન ભારત દ્વારા કરવામાં આવેલા નુકસાનમાંથી બેઠું થવા માટે મથામણ કરી રહ્યું હોય તેવું લાગે છે. પાકિસ્તાન હવે ચીન પાસેથી Shaanxi KJ-500 નામનું એરબોર્ન વોર્નિંગ એન્ડ કંટ્રોલ સિસ્ટમ(AWACS) વિમાન મેળવવાની તૈયારીમાં છે. અગાઉ AWACS વિમાન તોડી પાડવામાં આવતા પાકિસ્તાન માટે તે મોટો વ્યૂહાત્મક ફટકો સાબિત થયો હતો, કારણ કે તેને એક મુખ્ય સૈન્ય સંપત્તિ અને ફોર્સ મલ્ટિપ્લાયર માનવામાં આવે છે.

KJ-500 એ એક આધુનિક એરબોર્ન અર્લી વોર્નિંગ એરક્રાફ્ટ છે જે લાંબા અંતરથી હવાઈ જોખમોને શોધવા, ટ્રેક કરવા અને તેના પર વળતો હુમલો કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. KJ-500 મેળવવાની આ પહેલ ચીન દ્વારા પાકિસ્તાનને પૂરા પાડવામાં આવતા વ્યાપક સંરક્ષણ પેકેજનો એક ભાગ છે, જેમાં J-35A સ્ટીલ્થ ફાઈટર અને HQ-19 એર ડિફેન્સ સિસ્ટમનો પણ સમાવેશ થાય છે. આ સોદામાં અદ્યતન સ્ટીલ્થ, સેન્સર ફ્યુઝન અને નેટવર્ક લડાયક ક્ષમતા બનાવવા માટે HQ-19 સિસ્ટમનું એકીકરણ પણ સામેલ છે. પાકિસ્તાની મીડિયાના જણાવ્યા અનુસાર, ચીન અને પાકિસ્તાનના અધિકારીઓએ જૂન 2025માં આ AWACS વિમાન માટે ઔપચારિક વાટાઘાટો શરૂ કરી હતી. અહીં નોંધવા જેવી બાબત એ છે કે ઓગસ્ટ 2025માં ભારતીય વાયુસેના (IAF) ના વડા એર માર્શલ અમર પ્રીત સિંઘે જણાવ્યું હતું કે ભારતે પાકિસ્તાનના છ વિમાનો તોડી પાડ્યા છે.

# ઈરાની પ્રતિનિધિમંડળના વિમાનને પાકિસ્તાને ઉચ્ચ સુરક્ષા આપી

**ઇરાનથી** પાકિસ્તાન આવતા વિમાનનું ટ્રાન્સપોન્ડર બંધ કરી દેવાયુ, સાથે એક પાકિસ્તાની વિમાન ઉડતું રહ્યું

**સમગ્ર** પ્રવાસ પર ફાઇટર જેટો નજર રાખતા હતા, ઇઝરાયેલના અટકચાળાથી બચાવવા આવું કરાયું

લાહોર, તા. ૧૧: પાકિસ્તાને અમેરિકા સાથેની ઉચ્ચ સ્તરીય શાંતિ મંત્રણા માટે ઈસ્લામાબાદ આવી રહેલા ઈરાની પ્રતિનિધિમંડળના વિમાનની સુરક્ષા માટે અસાધારણ અને બહુસ્તરીય સુરક્ષા વ્યવસ્થા અમલમાં મૂકી હતી, તેમ શનિવારે એક ઉડ્ડયન અધિકારીએ જણાવ્યું હતું. આ સુરક્ષા પગલાંઓમાં પાકિસ્તાની એરલાઈનનું એક વિમાન ઈરાની વિમાનની સાથે ઉડાવવાનો સમાવેશ થતો હતો, જ્યારે કે ઈરાની વિમાનનું ટ્રાન્સપોન્ડર બંધ રાખવામાં આવ્યું હતું.

ઈરાનનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ, જેનું નેતૃત્વ સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાગેર ગાલિબાફ કરી રહ્યા છે અને જેમાં વિદેશ મંત્રી અબ્બાસ અરાગચી પણ સામેલ છે, તે 'ઈસ્લામાબાદ મંત્રણા'માં ભાગ લેવા માટે શનિવારે વહેલી સવારે ઈસ્લામાબાદ પહોંચ્યું હતું. પાકિસ્તાની ઉડ્ડયન અધિકારીએ જણાવ્યું હતું કે, ઈરાની પ્રતિનિધિમંડળનું વિમાન જ્યારે હવામાં હતું ત્યારે કોઈપણ અનિચ્છનીય ઘટનાને રોકવા માટે પાકિસ્તાન એરફોર્સે અસાધારણ સુરક્ષા તૈનાત કરી હતી. ઈરાની વિમાનનું ટ્રાન્સપોન્ડર બંધ રાખવામાં આવ્યું હતું. ટ્રાન્સપોન્ડર બંધ હોવાને કારણે, કોમર્શિયલ ફ્લાઈટ્સના મોનિટરિંગ માટે વપરાતી સેકન્ડરી રડાર સિસ્ટમ પર વિમાન શોધી શકાતું નહોતું. જો કે, તે પ્રાથમિક લશ્કરી રડાર પર માત્ર એક ગતિશીલ બિંદુ તરીકે દેખાતું હતું, પરંતુ તેની ઓળખ મેળવી શકાતી નહોતી. ઈઝરાયેલના કોઇ પણ સંભવિત અટકચાળાથી રક્ષણ માટે આ કરાયું હતું એમ જાણવા મળે છે. સુરક્ષાના એક મુખ્ય પગલા તરીકે, પાકિસ્તાની એરલાઈનનું એક વિમાન પોતાનું ટ્રાન્સપોન્ડર ચાલુ રાખીને ઈરાની વિમાનની સાથે ઉડી રહ્યું હતું.

# ઈરાનના અનેક પદાધિકારીઓના સગાઓના ગ્રીન કાર્ડ અમેરિકાએ રદ કર્યા

**અમેરિકા** સાથે શત્રુતામાં ભાગ ભજવ્યો હોય તેવા વર્તમાન અને ભૂતપૂર્વ અધિકારીઓના સગાઓ સામે આ પગલા ભરાય છે

વૉશિંગ્ટન, તા. ૧૧(એપી): ટ્રમ્પ વહીવટીતંત્રે વર્તમાન અથવા ભૂતપૂર્વ વરિષ્ઠ ઈરાની અધિકારીઓ સાથે સંબંધ ધરાવતા અમેરિકાના એવા અનેક ઈરાની રહેવાસીઓના ગ્રીન કાર્ડ રદ કર્યા છે જેઓ લાંબા સમયથી અમેરિકામાં રહેતા હતા.

સ્ટેટ ડિપાર્ટમેન્ટે શનિવારે જણાવ્યું હતું કે તેણે લોસ એન્જલસ વિસ્તારના મનોવિજ્ઞાનના શિક્ષક સૈયદ ઈસા હાશેમી, તેમની પત્ની અને પુત્ર વિરુદ્ધ કાર્યવાહી કરી છે, જેઓ તમામ ઈરાનમાં જન્મેલા પરંતુ અમેરિકાના કાયદેસરના કાયમી રહેવાસીઓ હતા.

પાકિસ્તાનમાં ઈરાન સાથેના યુદ્ધને સમાપ્ત કરવા માટેની વાટાઘાટો શરૂ થઈ રહી હતી ત્યારે જારી કરાયેલા એક નિવેદનમાં વિભાગે જણાવ્યું હતું કે, તેઓને ઈમિગ્રેશન સત્તાવાળાઓ દ્વારા કસ્ટડીમાં લેવામાં આવ્યા છે.


# પશ્ચિમ રેલવે બે જોડી ખાસ ટ્રેનો ચલાવશે

| ટ્રેન નંબર | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૯૦૪૩ | વલસાડ - ખડગપુર | ૧૫/૦૪/૨૦૨૬ અને ૨૨/૦૪/૨૦૨૬ | ૧૨:૫૦ કલાકે (બુધવાર) | ૨૧:૦૦ કલાકે (આગામી દિવસ) |
| ૦૯૦૪૪ | ખડગપુર - વલસાડ | ૧૭/૦૪/૨૦૨૬ અને ૨૪/૦૪/૨૦૨૬ | ૦૫:૦૦ કલાકે (શુક્રવાર) | 15:30 કલાકે (આગામી દિવસ) |

**હોલ્ટ્સ:** ભેસ્તાન, નંદુરબાર, ભુસાવલ, બડનેરા, નાગપુર, ગોંદિયા, દુર્ગ, રાયપુર, બિલાસપુર, ઝારસુગુડા, રાઉરકેલા, ચક્રધરપુર અને ટાટાનગર સ્ટેશન બંને દિશામાં.

**રચના:** એસી - 3 ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

| ટ્રેન નંબર | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૯૦૬૩ | ઉધના - માલદા ટાઉન | ૧૫/૦૪/૨૦૨૬ અને ૨૨/૦૪/૨૦૨૬ | ૨૦:૧૫ કલાકે (બુધવાર) | 11:30 કલાકે (શુક્રવાર) |
| ૦૯૦૬૪ | માલદા ટાઉન - ઉધના | ૧૭/૦૪/૨૦૨૬ અને ૨૪/૦૪/૨૦૨૬ | 17:35 કલાકે (શુક્રવાર) | 10:00 કલાકે (રવિવાર) |

**હોલ્ટ્સ:** ચલથાણ, વ્યારા, નંદુરબાર, ભુસાવલ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, સતના, પ્રયાગરાજ છિઓકી, પં. દીન દયાલ ઉપાધ્યાય, બક્સર, આરા, પટના, બખ્તિયારપુર, મોકામા, કિયૂલ, અભાઈપુર, જમાલપુર, સુલતાનગંજ, ભાગલપુર, કહલગાંવ, સાહિબગંજ, બરહરવા અને ન્યુ ફરક્કા સ્ટેશન બંને દિશામાં.

**રચના:** એસી-3 ટાયર કોચ

સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર ૦૯૦૪૩ અને ૦૯૦૬૩ માટે બુકિંગ ૧૨/૦૪/૨૦૨૬ થી બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક કરો અને અમને ફોલો કરો:
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને બધી આરક્ષિત ટિકિટોની સાથે પોતાનો સાચો પરિચય પત્ર પણ સાથે રાખવો.